# <u>GUJARAT BILL NO. 22 OF 2019.</u>

# THE GUJARAT AGRICULTURAL UNIVERSITIES (AMENDMENT) BILL, 2019.

## *A BILL*

*further to amend the Gujarat Agricultural Universities Act, 2004.*

**<u>સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૨ .</u>**

**ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૧૯.**

**ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૦૪ નો ગુજરાતનો ૫-મો.**

**૨.** ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૪માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- **સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૪નો સુધારો.**

"(૪) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતી અથવા કૃષિમાં સંશોધન કરતી અને માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો કરતી અને માર્ગદર્શન આપતી હોય તેવી કાયદાથી સ્થપાયેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થા/કોલેજ/યુનિવર્સિટી,-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં રાજય સરકારની મંજૂરી વગર શરૂ કરવી જોઇશે નહિ; અને

(૨) કાયદાથી સ્થપાયેલ બીજી કોઇ યુનિવર્સિટીના વિશેષાધિકારો પૈકી કોઇપણ સાથે કોઇ રીતે જોડાવું જોઇશે નહિ અથવા તેમાં પ્રવેશ મેળવવો જોઇશે નહિ.".

સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦-માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) કૃષિ અર્થશાસ્ત્ર સહિતના કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોના વિષયોમાં પૂરતું જ્ઞાન ધરાવતી અને નિમણૂકની તારીખે પાંસઠ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિ, પેટા-કલમ (૭)ની જોગવાઇને અધીન રહીને, કુલપતિ તરીકે નીમાવાને પાત્ર ગણાશે.";

(૨) પેટા-કલમ (૨)માં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ક) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, રાજ્ય સરકાર, નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમશે:-

(૧) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોના ક્ષેત્રમાંથી ત્રણ સભ્યો;

(૨) ભારતીય કૃષિ સંશોધન પરિષદે નામનિયુક્ત કરવાનો એક સભ્ય.";

(3) પેટા-કલમ (૫)માં, "અને તેની સંમતિ સિવાય તેના હોદ્દાની મુદત દરમ્યાન તેને ગેરલાભ થાય તે રીતે તેમાં ફેરફાર કરી શકાશે નહિ" એ શબ્દો કમી કરવા.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧માં, પેટા-કલમ (૯)માં,-

સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

(૧) ખંડ (ગ)માં, બે જગ્યાએ આવતા "કુલાધિપતિને તેના નિર્ણય માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકારને તેના નિર્ણય માટે" એ શબ્દો મૂકવા;

(૨) (૧) ખંડ (ઘ)માં, "કુલાધિપતિને" એ શબ્દને બદલે, "રાજ્ય સરકારને" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (ઘ)ના પરંતુકમાં, "કુલાધિપતિ" એ શબ્દને બદલે, "રાજ્ય સરકાર" એ શબ્દો મૂકવા;

(૩) ખંડ (ચ)માં, "કુલાધિપતિના" એ શબ્દને બદલે, "રાજ્ય સરકારના" એ શબ્દો મૂકવા.

**સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.**

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮માં, પેટા-કલમ (૧)માં,-

(૧) "વર્ગ-૧-હોદ્દાની રૂએ સભ્યો." એ શીર્ષક હેઠળ, ખંડ (૮)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૮) નિયામક, ATMA (કૃષિ ટેકનોલોજી વ્યવસ્થાપન એજન્સી) અને સમિતિ, ગુજરાત રાજ્ય.";

(૨) "વર્ગ-૨-સામાન્ય સભ્યો" એ શીર્ષક હેઠળ, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૨) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોની પૂર્વભૂમિકા ધરાવતા બે સભ્યો.".

**સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની કલમ ૨૯નો સુધારો.**

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯માં,-

(૧) પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) બોર્ડે પસાર કરેલ દરેક સ્ટેચ્યુટ, તેની મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કરવો જોઇશે અને રાજ્ય સરકાર, તેને મંજૂરી આપી શકશે અથવા અટકાવી શકશે અથવા તેને વિચારણા માટે બોર્ડને પાછો મોકલી શકશે અથવા તેનો અસ્વીકાર કરી શકશે.";

(૨) પેટા-ખંડ (૫)માં, "કુલાધિપતિ" એ શબ્દને બદલે, "રાજ્ય સરકાર" એ શબ્દો મૂકવા.

**ઉદ્દેશો અને કારણો**

હાલમાં, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪થી રાજ્યમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી છે. રાજ્યમાં કૃષિ શિક્ષણ અને સંશોધનને વધુ સારુ બનાવવા માટે, રાજ્ય સરકાર તેમજ કૃષિ યુનિવર્સિટીઓની પ્રવૃત્તિઓ વધારવી જરૂરી જણાયું છે.

રાજ્ય સરકારને, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત, કુલપતિની નિમણૂક માટેના નામની ભલામણ કરવા માટે અને તે જ રીતે કુલપતિની નિમણૂક માટેની બોલીઓ અને શરતો સુધારવા માટે પણ સમિતિની નિમણૂકને લગતી જોગવાઇઓ સુધારવી જરૂરી જણાય છે. સંચાલક મંડળની રચનાને લગતી જોગવાઇમાં સુધારો કરવા માટે, કુલપતિની સત્તામાં પણ સુધારો કરવો જરૂરી છે. બીજા કેટલાક પારિણામિક સુધારા પણ સૂચિત કરવામાં આવ્યા છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સન ૨૦૦૪નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**રણછોડભાઇ ફળદુ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરે છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૨મી જુલાઇ, ૨૦૧૯.** **રણછોડભાઇ ફળદુ.**

## પુરવણી

## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ (સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા) માંથી ઉતારા.

----------------------------------------------------------------------------------------------------------

૪. (૧) થી (૩) xxx xxx xxx પ્રાદેશિક હકૂમત.

(૪) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતી અથવા કૃષિમાં સંશોધનનું કાર્ય કરતી અને માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો કરતી અને માર્ગદર્શન આપતી અને યુનિવર્સિટી વિસ્તારની અંદર આવેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થા, યુનિવર્સિટીની સંમતિ અને રાજ્ય સરકારની મંજૂરી હોય તે સિવાય, કાયદાથી સ્થપાયેલ કોઇ બીજી યુનિવર્સિટીના વિશેષાધિકારો પૈકી કોઇપણ સાથે જોડાઇ શકશે નહિ અથવા તેમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

૧૦. (૧) (ક) xxx xxx xxx કુલપતિ.

(ખ) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં પૂરતું જ્ઞાન ધરાવતી અને નિમણૂકની તારીખે પાંસઠ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિ, પેટા-કલમ (૭)ની જોગવાઇઓને અધીન રહીને કુલપતિ તરીકે નીમાવાને પાત્ર ગણાશે.

(૨) (ક) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, કુલાધિપતિ, નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમશે:-

(૧) (યુનિવર્સિટી અથવા કોઇપણ કોલેજ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિ ન હોય તેવા) બે સભ્યો, જેમાં એક વ્યવસ્થાપક બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલે સંયુક્ત રીતે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નામનિયુક્ત કરેલી વ્યક્તિ રહેશે અને બીજી વ્યક્તિ, ગુજરાત રાજ્યમાં સ્થપાયેલ તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિએ, સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નામનિયુક્ત કરેલી વ્યક્તિ રહેશે;

(૨) કુલાધિપતિએ નામનિયુક્ત કરવાના એક સભ્ય;

(૩) ભારતીય કૃષિ સંશોધન પરિષદે નામનિયુક્ત નીમવાના એક સભ્ય;

(ખ) xxx xxx xxx

(૩) અને (૪) xxx xxx xxx

(૫) કુલપતિનું મહેનતાણું અને સેવાની બીજી બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવા રહેશે અને તેની સંમતિ સિવાય તેના હોદ્દાની મુદત દરમ્યાન તેને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકાશે નહિ.

(૬) થી (૮) xxx xxx xxx

કુલપતિની સત્તા.

૧૧. (૧) થી (૮) xxx xxx xxx

(૯) (ક) અને (ખ) xxx xxx xxx

(ગ) અધિકારી મંડળ, કુલપતિએ જણાવેલી રીત સાથે અસંગત હોય તે રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે કુલપતિ તે બાબત, કુલાધિપતિને તેના નિર્ણય માટે લખી મોકલશે.

(ઘ) કુલાધિપતિ, આવું લખાણ કરવામાં આવ્યે, હુકમ અથવા ઠરાવ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા તે હુકમ અથવા ઠરાવ ફેરફાર સાથે અથવા ફેરફાર વિના કાયમ માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી અમલમાં ચાલુ રાખી શકશે:

પરંતુ સંબંધિત અધિકારી મંડળને તેણે કરવા ધારેલ હુકમ સાથે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા વિના, કુલાધિપતિ તે હુકમ અથવા ઠરાવ સુધારી શકશે નહિ અથવા તેમાં ફેરફાર કરી શકશે નહિ અથવા તે ચાલુ રાખી શકશે નહિ.

(ચ) હુકમ, ઠરાવ અથવા યથાપ્રસંગ, કાર્ય કરવાનું, હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યાના અથવા ખંડ (ક) હેઠળ લખાણ કર્યાના કુલપતિના પત્રમાંની તારીખથી ખંડ (ઘ) હેઠળ કુલાધિપતિના હુકમની તારીખ સુધી સ્થગિત રહેશે.

(૧૦) xxx xxx xxx

૧૮. (૧) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશે,- સંચાલક મંડળની રચના.

**વર્ગ-૧-હોદ્દાની રૂએ સભ્યો**

(૧) થી (૭) xxx xxx xxx

(૮) વિદ્યાશાખાના ડીનમાંથી ઠરાવવામાં આવે તેવી રીતે વારાફરતી કુલપતિએ નામનિયુક્ત કરેલ એક સભ્ય;

(૯) xxx xxx xxx

**વર્ગ ૨-સામાન્ય સભ્યો**

નીચે પ્રમાણે નામનિયુક્ત કરવાની અધિકારી ન હોય તેવી સાત વ્યક્તિઓ:-

(ક) રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની -

(૧) xxx xxx xxx

(૨) કૃષિ, સંશોધન અથવા શિક્ષણની પૂર્વભૂમિકા ધરાવતા બે કૃષિ વૈજ્ઞાનિકો,

(૩) થી (૫) xxx xxx xxx

(ખ) xxx xxx xxx

(૨) થી (૪) xxx xxx xxx

**૨૯.** (૧) થી (૩) xxx xxx xxx

**સ્ટેચ્યુટો ઘડવા, સુધારવા, રદ કરવા અને તેનો અમલ કરવા બાબત.**

(૪) બોર્ડે પસાર કરેલ દરેક સ્ટેચ્યુટ કુલાધિપતિને મોકલવામાં આવશે, જેઓ તેને તેમની અનુમતિ આપી શકશે અથવા તેને અટકાવી શકશે અથવા વિચારણા માટે બોર્ડને પાછો મોકલી શકશે.

(૫) xxx xxx xxx

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૨ .]

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી રણછોડભાઇ ફળદુ,

કૃષિ મંત્રીશ્રી]

(સન ૨૦૧૯ના જુલાઇ મહિનાની ૨૨ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT AGRICULTURAL UNIVERSITIES (AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 22 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Universities Act, 2004.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Agricultural Universities (Amendment) Act, 2019.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

Amendment of section 4 of Guj. 5 of 2004.

**2.** In the Gujarat Agricultural Universities Act, 2004, (hereinafter referred to as "the principal Act"), in section 4, for sub-section (4), the following sub-section shall be substituted, namely:- **Guj. 5 of 2004.**

"(4) No educational institute/ college / University established by law imparting education in agriculture and allied sciences or conducting and guiding research in agriculture or conducting and guiding programmes of extension education shall be started or shall be associated in any way with, or seek admission to any of the privileges of, any other University established by law without the sanction of the State Government in the Agriculture, Farmers Welfare and Co-operation Department.".

**3.** In the principal Act, in section 10, -

**Amendment of section 10 of Guj. 5 of 2004.**

(1) in sub-section (1), for clause (b), the following clause shall be substituted, namely:-

"(b) a person, who possesses adequate knowledge in the subjects of agriculture and allied sciences including agriculture economics and has not attained the age of sixty-five years on the date of appointment shall, subject to the provision of sub-section (7), be eligible for being appointed as a Vice-Chancellor.";

(2) in sub-section (2), for clause (a), the following clause shall be substituted, namely:-

"(a) For the purposes of sub-section (1), the State Government shall appoint a Committee which shall consist of the following members, namely:-

(i) three members from the field of Agriculture and allied sciences, to be nominated by the State Government;

(ii) one member, to be nominated by the Indian council of Agricultural Research.";

(3) in sub-section (5), the words "and shall not be varied to his disadvantage during his tenure of office without his consent" shall be deleted.

**4.** In the principal Act, in section 11, in sub-section (9),- **Amendment of section 11 of Guj. 5 of 2004.**

(1) in clause (c), for the words "the Chancellor for his decision", the words "the State Government for its decision" shall be substituted;

(2) (i) in clause (d), for the word "Chancellor", the words "State Government" shall be substituted;

(ii) in the proviso to clause (d), for the words "the Chancellor", the words "the State Government" shall be substituted;

(3) in clause (e), for the words "the Chancellor", the words "the State Government" shall be substituted.

**5.** In the principal Act, in section 18, in sub-section (1),- **Amendment of section 18 of Guj. 5 of 2004.**

(1) under the heading *"*Class I-*Ex-officio members"*, for clause (viii), the following clause shall be substituted, namely:-

"(viii) the Director ATMA and Sameti, Gujarat State.";

(2) under the heading *"*Class II---*Ordinary members"*, in clause (a), for sub-clause (ii), the following sub-clause shall be substituted, namely:-

"(ii) two members having background of agricultural and allied sciences.".

**6.** In the principal Act, in section 29,- **Amendment of section 29 of Guj. 5 of 2004.**

(1) for sub-section (4), the following sub-section shall be substituted, namely:-

"(4) Every Statute passed by the Board shall be submitted to the State Government for its approval and the State Government may approve

or withheld or refer it back to the Board for consideration or may reject it.";

(2) in sub-section (5), for the word "Chancellor", the words "State Government" shall be substituted.

## STATEMENT OF OBJECTS AND REASONS

At present, four Agricultural Universities have been established by the Gujarat Agricultural Universities Act, 2004 in the State. It is felt necessary to strengthen activities of the State Government as well as Agricultural Universities for the betterment of the Agricultural Education and Research in the State.

The State Government considers it necessary to amend the provisions relating to the territorial jurisdiction of the University, appointment of Committee for recommendation of the name for appointment of Vice-Chancellor as also to amend the terms and conditions for the appointment of the Vice-chancellor. The powers of Vice-chancellor also requires to be modified so as to modify the provision relating to the constitution of the Board of Management. Certain other consequential amendments are also proposed.

This Bill seeks to amend the said Act of 2004 to achieve the aforesaid objects.

**RANCHHODBHAI FALDU,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respects:--

***Clause 1.*—** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 22nd July, 2019. **RANCHHODBHAI FALDU.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT AGRICULTURAL UNIVERSITIES ACT, 2004.**

**(Guj. 5 of 2004)**

---

**Territorial jurisdiction.**

**4.** (1) to (3) XXX XXX XXX

(4) No educational institution imparting education in agriculture and allied sciences or conducting and guiding research in agriculture or conducting and guiding programmes of extension education and situate within the University area shall, save with the consent of the University and the sanction of the State Government, be associated in any way with, or seek admission to any of the privileges of, any other University established by law.

**Vice-Chancellor.**

**10.** (1) (a) XXX XXX XXX

(b) A person, who possesses adequate knowledge in the subjects of agriculture and allied sciences and has not attained the age of more than seventy years on the date of appointment shall, subject to the provisions of sub-section (7), be eligible for being appointed as a Vice-Chancellor.

(2) (a) For the purposes of sub-sec. (1), the Chancellor shall appoint a committee which shall consist of the following members, namely:-

(i) two members (not being persons connected with the University or with any college) out of whom one shall be a person nominated in the manner prescribed by the Statutes by the Board of Management and the Academic Council jointly and the other shall be a person nominated in the manner prescribed by the Statutes by the Vice-Chancellors of all the Agricultural Universities established by law in the State of Gujarat;

(ii) one member to be nominated by the Chancellor;

(iii) one member to be nominated by the Indian Council of Agricultural Research.

(b) XXX XXX XXX

(3) and (4) XXX XXX XXX

(5) The emoluments and other terms and conditions of service of the Vice-Chancellor shall be such as may be prescribed and shall not be varied to his disadvantage during his tenure of office without his consent.

(6) to (8) XXX XXX XXX

**Powers of Vice-Chancellor.**

**11**. (1) to (8) XXX XXX XXX

(9) (a) and (b) XXX XXX XXX

(c) Where the authority revises or modifies the order or resolution in such manner as is inconsistent with the manner stated by the Vice-Chancellor, the Vice-Chancellor shall refer the matter to the Chancellor for his decision.

(d) The Chancellor may, on such reference being made, revise or modify the order or resolution or direct that the order or resolution shall continue to be in force with or without modification permanently or for such period as he may specify:

Provided that the order or resolution shall not be revised or modified or continued by the Chancellor without giving the concerned authority a reasonable opportunity of showing the cause against the order proposed to be made by him.

(e) The order, resolution or, as the case may be, the doing of thing, shall remain in abeyance from the date of the action of the Vice-Chancellor of forwarding the copy of order or resolution or of making reference under clause (a) till the date of the order of the Chancellor under clause (d).

(10) XXX XXX XXX

**Constitution of the Board of Management.**

**18.** (1) The Board of Management shall consist of the following members, namely:-

**Class I – *Ex-officio Members***

(i) to (vii) XXX XXX XXX

(viii) one member nominated by the Vice-Chancellor by rotation in the prescribed manner from amongst the Deans of Faculties.

(ix) XXX XXX XXX

**Class II – *Ordinary Members***

Seven persons, not being officers, to be nominated as follows, namely:

(a) to be nominated by the State Government,-

(i) XXX XXX XXX

(ii) two agricultural scientists having background of agricultural research or education,

(iii) to (v) XXX XXX XXX

(b) XXX XXX XXX

(2) to (4) XXX XXX XXX

**Statutes, their making, amendment, repeal and operation.**

**29.** (1) to (3) XXX XXX XXX

(4) Every Statute passed by the Board shall be submitted to the Chancellor who may give or withhold his assent thereto or refer it back to the Board for consideration.

(5) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 22 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Agricultural Universities Act, 2004.*

**[SHRI RANCHHODBHAI FALDU,**

**MINISTER FOR AGRICULTURE]**

**(As published in the Gujarat Government Gazette of 22nd July, 2019)**

**D.M.PATEL**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**